પ્લેગભાઇનો કેર.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

ક્ષત્રી હરીલાલ મોહનલાલ બારભાઇયા.

કાજી સાહેબને ધાબે વહેરાઈ માતાની પોળ,

અમદાવાદ.

આવૃત્તી ૧ લી. પ્રત ૫૦૦

સને ૧૯૧૮.

કીંમત રૂ. ૦-૧-૦.

આ પુસ્તક મળવાનું ઠેકાણું:—

ક્ષત્રી હરીલાલ મોહનલાલ,

કાજી સાહેબના ધાબે વહેરાઈ માતાની પોળમાં-**અમદાવાદ.**

આ પુસ્તક ધી ક્રાઉન પ્રિન્ટીંગ વર્કસમાં ભાવસાર ત્રીકમલાલ સાંકળચંદ
તથા ગોશાઇ કેશવગર રામગરે છાપ્યું.
રીચીરોડ—અમદાવાદ.

બહાર ગામના ગ્રાહકોને જેટલી ચોપડી ખરીદ કરવી હોય તેના પૈસા ટપાલ ખર્ચ સાથે મોકલી આપશે તો તેને ચોપડીઓ મોકલી આપવામાં આવશે.

પ્લેગભાઈનો કેર.

રાગ મહોરમના માતમનો.

અરે રામ રામરે, પ્લેગે પલકમાં પછાડીયા,
પ્લેગે પલકમાં પછાડીયા કંઈક ગરીબના વૈશ તમે
કાઢીયારે. રામ રામરે પ્લેગે પલકમાં પછાડીયા. ટેક.

અમદાવાદમાં આવ્યો છે ચાલી,
સઘળુ નગર કરી નાખ્યું ખાલી;
તું તો મરડી નાંખે છે ડોક ઝાલી રે. રામ રામરે. ૧

તારા ડરથી માણસ ગયા નાસી,
કંઇક હતા પરદેશના વાસી;
બાકી ઘણા હતા શહેર નીવાસીરે. રામ રામરે ૨.

વેપારીઓ વેપાર છોડી ચાલ્યા,
તેમના પૈસા કંઇક લોકે ઘાલ્યા,
હજુ પ્લેગભાઇ તો નથી રે'તા ઝાલ્યારે. રામ રામરે. ૩

સવાર સાંજ જ્યારે બહાર નીકળતા
સગાસ્નેહી ભાઇઓ બધા મળતા
તેં તો સરવેને રાખ્યા ટટળતારે. રામ રામરે. ૪

કાળુપુરની વસ્તી ઘણી ઘાડી
ત્યાં તો ધીરે ચાલી શકે ગાડી
તે તો થઈ ગઇ જંગલ કેરી ઝાડીરે. રામ રામરે. ૫

માણેકચોકની શોભા શું કહીએ
તને મુકીને અળગ નવ જઇએ
હવે જોતાં શોકાતુર થઇએરે રામ રામરે. ૬

રીચીરોડ ઉપર વસ્તિ જુઓ ધારી
ત્યાં તો હોટલો બની છે બહુ ભારી
તેમાં લક્ષ્મી વિલાસ ઘણી સારારે. રામ રામરે ૭

રાત્રી વખતે મનુષ્યની ગરદી
ત્યાં તો નજરે ન પડે કોઈ દરદી
સરવે માણુસની ઉડી જાય શરદીરે. રામ રામરે. ૮

ઘણા શોખિલા ગ્રહસ્થ લોક આવે
દુધ કઢેલાં સારાં સૌને ભાવે
પાન બીડાં ઇલાયચી ઘણા ચાવેરે. રામ રામરે. ૯

સરવે જાતીના લોક ત્યાં તો ફરતા
અન્યો અન્ય સામા મળી વાત કરતા
પૈસા ખરચ કરતાં તેઓ નવ ડરતારે. રામ રામરે. ૧૦

ઈંદ્રપુરી જેવી શોભા ધુળ કીધી
મોટા ડીગંબર જેવાની લાજ લીધી
દુષ્ટ પાપીની હજુ ન આવી અવધીરે. રામ રામરે ૧૧

ભાજી બજાર શોભીતો ઘણો લીલો
તે તો ઘરાકી વિના પડયો છે વીલો
ત્યાં તો થઇ ગયો છે ગાડા કેરો ચીલોરે. રામ રામરે ૧૨

ત્રણ દરવાજાથી ભદ્રકાળી જઇએ
દુખ જાય અને સુખીયા સરવ થઇએ
પછી એલીસ બ્રીજના હવા લઇએરે. રામ રામરે. ૧૩

રતન પોળ અને કાપડ બજાર જુનું
બીજું ભરાતું બજાર વળી નું
સઘળું કરી દીધું પ્લેગભાઇએ સુનુંરે રામ રામરે. ૧૪

વેપારીએ કામકાજ બંધ કીધાં
દુકાનોને ખંભાતી તાળાં દીધાં
પાકીટ નાણાં તણાં સરવે સાથ લીધાંરે. રામ રામરે. ૧૫

વેપારીઓએ વિદેશ વાસ કીધા
આવવા જવા સારૂ સૌએ પાસ લીધા
સ્ટેશન માસ્તરને પહેલા દામ દીધારે. રામ રામરે. ૧૬

આવવું જવું અને દુઃખ ઘણું સહેવું
બંગલા છોડી દઈ ઝુંપડામાં રહેવું
અરે પ્રભુ મારા આ તે દુઃખ કેવુંરે. રામ રામરે. ૧૭

આબરૂદારોને હલકા કરી નાખ્યા
બંદીખાનામાં કેદી જેવા રાખ્યા
મોટા વેપારીની તોડી નાખી શાખારે. રામ રામરે. ૧૮

રાયપુર સારંગપુર દરિયાપુરને ભાળું
સઘળા ચકલામાં બાંધી દુકાને તાળું
પ્લેગભાઈ તો એવા થયા નદયાળુરે. રામ રામરે. ૧૯

પૈસા આપતાં મજુરીયા ન મળતા
સરવે પોતાના દુઃખમાં રહેતા બળતા
તાપ થકી જેમ બરફના ઢગ ગળતારે. રામ રામરે. ૨૦

મોટા તહેવારમાં જુલમ કીધો ઘણો
હર્ષ ટાળી દીધો સૌના મન તણો
દુષ્ટ પુલી ગયો જેમ પાણીમાં ચણોરે. રામ રામરે. ૨૧

દીવાળીની હોળી કરી નાખી ભાઇ
અરે ભુંડું કીધું તેં તો દુઃખદાઈ
સગાં સબંધીની કીધી છે જુદાઇરે. રામ રામરે. ૨૨

ઘણાં વરસ થયાં પધાર્યા છો તમે
વળી આવો જુલમ નથી દીઠો અમે
સરવે ભાઈ બેનોનો શોક કેમ સમેરે રામ રામરે. ૨૩

તારા જુલમના વખાણ કોઈ શું કરે
માહા વનમાં જેમ કેસરી સીંહ ફરે
તેમ માણુસોને ઘાસ જાણી ચરેરે. રામ રામરે. ૨૪
હવે દુનિયા ઉપર કરી દજો મહેર
તમે જ્યાંથી આવ્યા ત્યાં વળો ને ઘેર
આખી સૃષ્ટીતણું લીધું તમે વેરરે. રામ રામરે. ૨૫
જગત કરતાને સાબાસી તમે આપો
પ્રભુ દુષ્ટનાં હથિયાર બધાં કાપો
જયજયકાર રૂપી વાણિ તમે સ્થાપોરે રામ રામરે. ૨૬
થોડું લખ્યું ઘણું કરી તમે માનો
સઘળો હેવાલ બન્યો તે નથી છાનો
તમને યાદ કરશે બાળક હશે નાનોરે. રામ રામરે ૨૭
સૃષ્ટી કરતાની આણ તમને દઉં છું
સઘળી દુનિયાના દુશમન કેમ થઉ છું
સરવે સુખી રહો એમ કહીને જઉ છુંરે રામ રામરે. ૨૮
અરે પ્રભુ તને પાયે લાગુ આજ
વળી રાખજો સરવેની તમે લાજ
જેથી સરવેના સુધરી જાશે કાજરે. રામ રામરે. ૨૯
સરવે સજજનો વાંચોને આ હેવાલ
નાનું પુસ્તક ખરીદી લેજો હાલ
સૌનો આભાર માને છે હરીલાલરે. રામ રામરે. ૩૦

સમાપ્ત.

જાહેર ખબર.

મુસલમાન ભાઇયુંકે લીએ યે ગુજરાતી કીતાબકી નકલ હરફ ગુજરાતી ઓર ભાષા ઉરદુમે એક મહીને બાદ છપી જાયગી. પહેલે ખરિદકરનેવાલુંકું એક આના પડેગા ઓર પીછેવાલોકું સવા આના પડેગા ઉસ લીયે જીસકું પહેલે ખરીદ કરના હો સો અમારે મકાનપે પૈસે દેજાના.

ઠીકાના—

ક્ષત્રી હરીલાલ મોહનલાલ,

કાજી સાહેબકે ધાબે, માતાકી પોલ